# ગુરૂકુલમાં બાલ પ્રતિમાઓમાં પ્રતિભા ઉગાડવાનું અનન્ય કાર્ય: પૂ. મોરારીબાપૂ

## છારોડી ગુરૂકુલની ધનુર્માસ કથામાં ઋષિકુમારોનું સન્માન

અમદાવાદ, તા. ૧૭ : ધનુર્માસના દ્વિતિય દિને છારોડી શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ ખાતે રામાયણ કથાકાર સંત શિરોમણિ શ્રી મોરારીબાપૂએ અતિથિ દેવો ભવની ભાવનાને સાર્થક કરતા અચાનક મુલાકાત લીધી હતી.

પૂ. મોરારીબાપુ ગુરૂકુલમાં પધારતા પૂ. શા. માધવપ્રિયદાસજી સ્વામી તથા પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીએ કુલહારથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સંત નિવાસમાં શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરી ચાલતી પ્રાર્થના - સભામાં દર્શનમ્ સંસ્કૃત



સ્વામીનારાયણ ગુરૂકુલ છારોડીમાં ચાલી રહેલ ધનુર્માસ કથામાં ઉપસ્થિત પૂ. મોરારીબાપૂ અને બાજુમાં શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પુરાણી સ્વામીશ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી નજરે પડે છે. (૯.૨૫)

મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા ચાલતી ધનુર્માસ કથામાં વ્યાસાસને બિરાજમાન ઋષિકુમાર યોગેશ પંડયાને પૂ. મોરારીબાપુએ કાળી કામળી ઓઢાડી શુભાશિર્વાદ આપ્યા હતાં.

ત્યારબાદ ધર્મજીવન હોસ્ટેલમાં રામ-શ્યામ-ને ઘનશ્યામ ભગવાનના દર્શન કરી હોસ્ટેલમાં રહેતા ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને આશિર્વાદ આપ.'' પૂ. બાપૂએ જણાવ્યું હતું કે વિદ્યા માટે ગુરૂકુલ નિવાસ કરી રહેલા આ બાળકોમાં ભગવાનની આ પ્રતિમાઓ દ્વારા પ્રતિભા ઉગાડવાનું જે આ કાર્ય પૂ. શા. માધવપ્રિયદાસજી સ્વામી પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા અન્ય સંતો કરી રહ્યાં છે તેથી ખૂબજ આનંદ થાય છે.

વૈષ્ણવી પરંપરામાં ભગવાનની પ્રતિમાને મૂર્તિ નહીં પણ સ્વરૂપ કહેવામાં આવે છે. મૂર્તિઓ તો રેતી, પત્થર, સોના-ચાંદી અને જગન્નાથ ભગવાનની મૂર્તિની જેમ લાકડાની પણ હોય. તેમાં પણ પ્રાણ પ્રતિષ્ઠા થાય એટલે મૂર્તિ સ્વયં ભગવાનના સ્વરૂપ બની રહે છે એજ રીતે વિદ્યા દ્વારા આ બાલ પ્રતિમાઓમાં પ્રતિભા પ્રગટી રહે એ માટે સંતોનો ખૂબ પુરૂષાર્થ છે.

વિદ્યાનું બીજું પરિણામ નિપુણતા છે. 'યોગ કર્મસુ કૌશલમ્' કર્મમાં કૌશલ્યતા હોવી જોઈએ. સ્વામીનારાયણઓના ભગવાનના સંતોની આ ખાસ વિશિષ્ટતા છે. જેને લીધે લીધે સમાજના મોટા વર્ગના કલ્યાણનું કાર્ય થાય છે જે કાર્ય મોટી સંસ્થાઓ દ્વારા થઈ શકતું નથી તે કાર્ય આ સંતો દ્વારા થાય છે એટલે કર્મ કુશલતા એ પણ વિદ્યાના પરિણામ સ્વરૂપ છે.

સદ્‌ગુણની પ્રાપ્તિ એ વિદ્યાનું શ્રેષ્ઠ પરિણામ છે. ગુણોની પૂજા બધે જ થાય છે માણસની અંદર જે સદ્‌ગુણો હોય છે તો તે આપો આપ પૂજનીય બની રહે છે અને શીલવાન પુરૂષો એ સમગ્ર સમાજના આધાર બની રહે છે. શીલ એ જ માનવજીવનની મહાન સિદ્ધિ છે.

પૂજ્ય શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પૂ. પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીનું ઘણા સમયનું નોતરૂં બાકી હતું તે આજે પૂર્ણ થયું. આજે અચાનક આ સંતોના સાનિધ્યમાં આવવાનું થયું તેમાં અત્યંત આનંદ થયો. તેમ અંતમાં પૂ. મોરારીબાપુએ ઉદગારેલ. (૯.૨૫)